# જાહેરનામું

## પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંકઃ ગ/ઉપક/ટ્રાફીક/૩૫ /૨૦૧૮,

## તા. ૮ /૧૦/૨૦૧૮

હું, એ.કે.સિંઘ IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અન્વયે માધવપુરા વિસ્તારમાં ચાલનાર બાંધકામ અનુસંધાને તા.૩૦/૧૧/૨૦૧૮ સુધી ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી જે હેતુસર તે વિસ્તારમાંનો નીચે જણાવ્યા મુજબનો રસ્તો એક માર્ગીય અને ડાયવર્ઝન કરવા અંગેનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત માધવપુરા વિસ્તારમાં આવેલ મહેંદીકુવા રોડ ઉપર પાણીની નવી એમ.એસ.ની ટનલ પાઇપ લાઇન નાંખવાની કામગીરી કરવામાં આવનાર હોવાથી આ રોડ ફક્ત ટુ-વ્હીલર વાહન ચાલકો માટે ૧.૫ મીટર જેટલો જ ખુલ્લો તેમજ વન-વે રહેનાર છે અને બાકીનો રોડ બેરીકેડીંગ કરીને ઉપરોક્ત કામગીરી માટે વાહન વ્યવહાર સારુ બંધ રહેનાર છે. જેથી આ રોડ ઉપરથી ફક્ત ટુ-વ્હીલર વાહન ચાલકો જ મહેંદીકુવાથી દિલ્હી દરવાજા તરફના મુખ્ય રોડ ઉપર આવી શકશે. પરંતુ દિલ્હી દરવાજા મુખ્ય રોડ તરફથી મહેંદીકુવા તરફ જઇ શકાશે નહી. તેમજ આ રોડ ઉપરથી બીજા અન્ય મોટા વાહન વ્યવહારની અવર-જવર થઇ શકશે નહી.

**વૈકલ્પિક રૂટ :**

માધવપુરા વિસ્તારમાં આવેલ રાહત સર્કલથી દિલ્હી દરવાજા તરફ જવા માટે રાહત સર્કલથી સીધા આવતા મહેંદીકુવાથી સીધા સરકારી લીથોપ્રેસ થી જમણી તરફ વળી દિલ્હી દરવાજા તરફ જઇ શકાશે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ જાહેરનામું પ્રસિદ્ધ થયેથી તા.૩૦/૧૧/૨૦૧૮ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૮ /૧૦/૨૦૧૮ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

તા.૮ /૧૦/૨૦૧૮
અમદાવાદ શહેર

( એ.કે.સિંઘ )
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.

(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.